## મૂળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ

---

### માનવજીવન માટે વસ્તુ કેટલી ઉપયોગી છે, તે બાબત વસ્તુનું કયું મૂલ્ય દર્શાવે છે ?

A. વિનિમય મૂલ્ય

B. ઉપયોગિતા મૂલ્ય

C. વપરાશ મૂલ્ય

D. આંતરિક મૂલ્ય

- **B.ઉપયોગિતા મૂલ્ય**

### વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમનું પ્રમાણ એટલે ...

A. મૂલ્ય

B. વિનિમય

C. કિંમત

D. સંપત્તિ

- C.કિંમત

### નીચેનામાંથી કઈ વસ્તુઓનો સમાવેશ ભૌતિક વસ્તુમાં થાય છે ?

A. સંગીત

B. શિક્ષણ

C. દાક્તરી સલાહ

D. ફ્રીઝ

- D.ફ્રીઝ

### સંપત્તિ નીચે આપેલા વિકલ્પમાંથી કયું લક્ષણ ધરાવતી નથી ?

A. ઉપયોગિતાનો ગુણ ધરાવે છે.

B. તેની છત હોવી જોઈએ.

C. બાહ્ય રૂપ ધરાવે છે.

D. વિનિમયપાત્રતા ધરાવે છે.

- B.તેની છત હોવી જોઈએ.

### “તમામ કુદરતી સંપત્તિ” એટલે ...

A. મૂડી

B. શ્રમ

C. જમીન

D. સંપત્તિ

- C.જમીન

## નીચેનામાંથી કયો વ્યાપારચક્રનો પ્રકાર નથી ?

A. આકસ્મિક આર્થિક પરિવર્તનો

B. મોસમી આર્થિક પરિવર્તનો

C. અંશત:આર્થિક પરિવર્તનો

D. દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો

- C.અંશત:આર્થિક પરિવર્તનો

## મૂલ્યનો અર્થ જણાવો.

- **મૂલ્ય એટલ વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુના પ્રમાણમાં વિનિમય મૂલ્ય.**

## સર્વસુલભ વસ્તુઓનો અર્થ અને ઉદાહરણ આપો.

- **જે વસ્તુ કે સેવાના પુરવઠા પર કોઈનો અંકુશ ન હોય અને જે વસ્તુ કે સેવા સૌને જ્યારે અને જેટલા પ્રમાણમાં જોઈએ ત્યારે મળી રહેતી હોય, તે વસ્તુઓ સર્વસુલભ વસ્તુઓ છે. જેમ કે; હવા, પાણી સૂર્યપ્રકાશ વગેરે સર્વસુલભ વસ્તુઓ છે.**

## અર્થશાસ્ત્રમાં નાશવંત વસ્તુઓ કોને ગણવામાં આવે છે ?

- **જે વસ્તુઓનો વપરાશ કરતાંની સાથે અંત આવે છે અને જે લાંબા ગાળા સુધી ઉપયોગી રહેતી નથી, તે અર્થશાસ્ત્રમાં નાશવંત વસ્તુઓ ગણવામાં આવે છે.**

## વપરાશી વસ્તુઓનો અર્થ અને ઉદાહરણ આપો.

- જે વસ્તુઓ સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા જરૂતિયાત સંતોષે છે, તે વપરાશી વસ્તુઓ છે. જેમ કે; ખોરાક, કપડાં વગેરે વપરાશી વસ્તુઓ છે.

## કઈ સંપત્તિ વ્યક્તિગત સંપત્તિ ગણાય છે ?

- જે સંપત્તિની માલિકી અને વપરાશ ખાનગી અને વ્યક્તિગત હોય તે વ્યક્તિગત સંપત્તિ ગણાય છે.

## ઉત્પાદનનાં સાધનોનો અર્થ જણાવો.

- વસ્તુ તુષ્ટિગુણના સર્જનની પ્રક્રિયામાં મદદરૂપ થતી બાબતોને ઉત્પાદનનાં સાધનો કહે છે.

## વ્યાપારચક્રના કેટલા તબક્કા છે ? કયા કયા ?

- વ્યાપારચક્રના ચાર તબક્કા છે : (1) તેજી, (2) ઓટ, (3) મંદી અને (4) સુધારણા.

## મૂડીનો અર્થ જણાવો.

- મૂડી એટલે એવી ભૌતિક અને નાણાકીય વસ્તુઓ જે ઉત્પાદનમાં મદદરૂપ થાય છે.

## હેબરલરના મતે વ્યાપારચક્રની વ્યાખ્યા આપો.

- હેબરલરના મતે, "અર્થતંત્રમાં વારાફરતી આવતાં સારાં અને ખરાબ આર્થિક પરિવર્તનો એટલે વ્યાપારચક્ર."

## ખાનગી વસ્તુ અને જાહેર વસ્તુના તફાવતના બે મુદ્દા જણાવો.

- જે વસ્તુ ખાનગી માલિકીની છે. જેનો વપરાશ વ્યક્તિગત ધોરણે છે અને જેના વપરાશનું ક્ષેત્ર મર્યાદિત છે તે ખાનગી વસ્તુ છે. જ્યારે જે વસ્તુની માલિકી સામૂહિક-સરકારની છે અને જેના વપરાશનું ક્ષેત્ર વિશાળ છે તે જાહેર વસ્તુ છે.
- ખાનગી વસ્તુમાં સ્પર્ધાત્મકતા અને વંચિતતાનો ગુણ છે, જ્યારે જાહેર વસ્તુમાં આ બંને ગુણોનો અભાવ છે.

## અર્થશાસ્ત્રમાં કઈ વસ્તુઓને વપરાશી વસ્તુઓ તરીકે ઓળખવામાં આવે છે ?

- જે વસ્તુઓ સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા માનવીની જરૂરિયાત સંતોષે છે, તે વસ્તુઓને અર્થશાસ્ત્રમાં વપરાશી વસ્તુઓ તરીકે ઓળખાય છે.
- ઉદાહરણ તરીકે, કપડાં સીધાં જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા માનવીના પહેરવેશની જરૂરિયાત સંતોષે છે, ખોરાક સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા માનવીની ભૂખની જરૂરિયાતને સંતોષે છે. તેથી કપડાં અને ખોરાક વપરાશી વસ્તુઓ છે.

## વ્યક્તિગત સંપત્તિ અને સામાજિક સંપત્તિનો અર્થ આપો.

- જે સંપત્તિની માલિકી અને વપરાશ ખાનગી અને વ્યક્તિગત હોય, તે વ્યક્તિગત સંપત્તિ ગણાય છે. ઉદાહરણ તરીકે, મકાનની માલિકી અને વપરાશ ખાનગી અને વ્યક્તિગત છે. તેથી તેને વ્યક્તિગત સંપત્તિ કહેવાય છે.
- જે સંપત્તિ માલિકી અને વપરાશ સમાજ-સમૂહ દ્વારા થતો હોય, તે સામાજિક સંપત્તિ ગણાય છે. ઉદાહરણ તરીકે, રેલવે, પોસ્ટ વગેરે સામાજિક સંપત્તિ કહેવાય છે.

## પ્રો. માર્શલના મતે સંપત્તિનો અર્થ જણાવો.

- માર્શલના મતે, “જે વસ્તુ ઉપયોગી હોય, અછવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે.”
-

  મકાન, જમીન, સોનું-ઝવેરાત ઉપયોગી છે. ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતો માટે વિનિમયક્ષમ છે. માલિકીપણાનો ગુણ ધરાવે છે, તેથી આ બધી વસ્તુઓ સંપત્તિ છે.

## ઉત્પાદનનો અર્થ સમજાવો.

- જે પ્રક્રિયા દરમિયાન સ્થળ, સ્વરૂપ અને સમય બદલાતાં વસ્તુના તુષ્ટિગુણ, ઉપયોગિતામાં વધારો થાય છે, તે પ્રક્રિયા ઉત્પાદન કહેવાય છે.
- ઉત્પાદનમાં જમીન,મૂડી, શ્રમ, નિયોજક એ ચારેય સાધનો સરખાં મહત્વનાં છે.

## ઉત્પાદનના સાધન સંદર્ભમાં શ્રમનો અર્થ જણાવો.

- શ્રમ એટલે કોઈ વ્યક્તિની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ વળતરની અપેક્ષા સાથે કરવામાં આવતું માનસિક કે શારીરિક કાર્ય. શ્રમ કરનાર શ્રમિક કહેવાય છે.

- શ્રમ અને શ્રમિક અવિભાજ્ય છે. શ્રમનો સંગ્રહ થઈ શકતો નથી. તે સામાજિક-માનસિક કારણોસર ઉત્પાદનનું સૌથી ઓછું ગતિશીલ સાધન છે. શ્રમનો પુરવઠો વસ્તી પર આધારિત છે. શ્રમ માટે ચૂકવાતું વળતર વેતન કહેવાય છે.

## કિંમત અને મૂલ્યનો અર્થ આપો.

- કિંમત : કિંમત એટલે વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમનું પ્રમાણ.
- જેમ કે, 1 ગ્રામ સોના માટે ચૂકવવામાં આવતાં નાણાં 1 ગ્રામ સોનાની કિંમત છે.
- મૂલ્ય : મૂલ્ય એટલે કોઇ વસ્તુ કે સેવાના બદલમાં મળતી અનુઅ વસ્તુના પ્રમાણનું વિનિમય મૂલ્ય.
- જેમ કે, 1 ગ્રામ સોનાના બદલામાં 10 ગ્રામ ચાંદી મળતી હોય, તો 1 ગ્રામ સોનાનું મૂલ્ય 10 ગ્રામ ચાંદી છે.

## વસ્તુઓના પ્રકારો જણાવી વપરાશી વસ્તુઓ અને ઉત્પાદક વસ્તુઓનો ખ્યાલ ઉદાહરણ આપી સમજાવો.

- માનવીની જરૂરિયાત સંતોષતી ભૌતિક બાબતોને વસ્તુઓ કહે છે. વસ્તુઓના ચાર પ્રકાર છે : (1) ભૌતિક વસ્તુઓ અને અભૌતિક વસ્તુઓ, (2) સર્વસુલભ વસ્તુઓ અને આર્થિક વસ્તુઓ, (3) ટકાઉ વસ્તુઓ અને નાશવંત વસ્તુઓ તથા (4) ખાનગી વસ્તુઓ અને જાહેર વસ્તુઓ.

- વપરાશી વસ્તુઓ : જે વસ્તુઓ સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા માનવીની જરૂરિયાત સંતોષે છે, તે વપરાશી વસ્તુઓ કહેવાય છે. દા. ત., કપડાં, ખોરાક વગેરે માનવીની જરૂરિયાતને સીધી જ સંતોષે છે.

- ઉત્પાદક વસ્તુઓ : જે વસ્તુઓ ઉત્પાદન દ્વારા માનવીની જરૂરિયાતને પરોક્ષ રીતે સંતોષે છે, તે ઉત્પાદક વસ્તુઓ છે. કાપડ બનાવવા માટે વપરાતું રૂ અને રૂ માટે કપાસની ખેતી જરૂરી છે. અહીં રૂ અને કપાસ ઉત્પાદક વસ્તુઓ છે. તે જ રીતે ખોરાક તૈયાર કરવા માટેનાં જરૂરી સાધનો જેવાં કે; ગૅસ, પાણી, વાસણો, મસાલા વગેરે ઉત્પાદક વસ્તુઓ કહેવાય છે.

## સંપત્તિના પ્રકારો જણાવી, રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરાષ્ટ્રીય સંપત્તિનો ખ્યાલ ઉદાહરણ આપી સમજાવો.

- જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે. સંપત્તિના બે પ્રકારો છે : (1) વ્યક્તિગત સંપત્તિ તથા સામાજિક સંપત્તિ તથા (2) રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરરાષ્ટ્રીય સંપત્તિ.

- રાષ્ટ્રીય સંપત્તિ : જે સંપત્તિ દેશની માલિકીની હોય છે, તેને રાષ્ટ્રીય સંપત્તિ કહેવામાં આવે છે. દેશની ઐતિહાસિક ઇમારતો, દેશનાં નદી, પર્વત, ખનિજો, જાહેર રસ્તાઓ વગેરે રાષ્ટ્રીય સંપત્તિ છે.

- **આંતરરાષ્ટ્રીય સંપત્તિ : જે સંપત્તિની માલિકી આંતરરાષ્ટ્રીય હોય, તેનેે આંતરરાષ્ટ્રીય સંપત્તિ કહેવામાંં આવે છે. જુદા જુદા દેશો સાથે સંકળાયેલ સંસ્થાઓ જેવી કે,** ITO (International Trade Organisation), ICC (International Chamber of Commerce), WMF (World Monetory Fund) **વગેરે આંતરરાષ્ટ્રીય સંપત્તિ ગણી શકાય.**

## ઉત્પાદન-સાધનનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

- ઉત્પાદન-પ્રક્રિયામાં મદદ કરનારી બાબતો ઉત્પાદનનાં સાધનો છે. જમીન, મૂડી, શ્રમ, નિયોજક ઉત્પાદનનાં ચાર સાધનો છે. આ બધાં સાધનો ઉત્પાદનમાં સરખાં મહત્વનાં છે.

- જમીન કુદરતી બક્ષિસ છે. હવા, પાણી, સૂર્યપ્રકાશ, આબોહવા, ખાણ, પર્વત, નદી, તમામ કુદરતી પરિબળો જમીન છે. જમીન અગતિશીલ છે અને તેમાંથી મળતું વળતર ભાડું છે.

- વળતરની અપેક્ષાએ કરવામાં આવતું શારીરિક કે માનસિક કાર્ય તે શ્રમ છે. ઉત્પાદનના આ સાધનનો સંગ્રહ થઈ શકતો નથી અને તે સૌથી ઓછું ગતિશીલ સાધન છે. શ્રમના બદલામાં મળતું વળતર વેતન કહેવાય છે.

- ઉત્પાદનનું અગત્યનું સાધન મૂડી છે, જે માનવસર્જિત અને ઉત્પાદનનું સૌથી વધુ ગતિશીલ સાધન છે. મૂડીના રોકાણનું વળતર વ્યાજ છે.

- ઉત્પાદનનાં સાધનો જમીન, શ્રમ અને મૂડીનું સંયોજન કરી ઉત્પાદનનું આયોજન કરનાર નિયોજક છે. તે જોખમ ઉઠાવી ઉત્પાદનનાં સાધનોની વ્યવસ્થા કરે છે અને આવક મેળવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેને મળતું વળતર અનિશ્ચિત છે. નિયોજનકનું વળતર નફો છે.

વ્યાપારચક્રની વ્યાખ્યા આપી તેના આધારે વ્યાપારચક્રનાં મહત્વના તબક્કાઓ જણાવો.

હેબરલના મતે, "અર્થતંત્રમાં વારાફરતી આવતાં સારાં અને ખરાબ આર્થિક પરિવર્તનો એટલે વ્યાપારચક્ર." જ્યારે હિટ્રેના મતે, "વ્યાપારના સારા અને ખરાબ તબક્કાઓ જે વારાફરતી આવે છે, તે વ્યાપારચક્ર છે."

## વ્યાપારચક્રની વ્યાખ્યા પરથી તેનાં મહત્વનાં લક્ષણો :

- અર્થતંત્રમાં આર્થિક ઊથલ-પાથલ થાય છે.
- અર્થતંત્રના બે તબક્કાઓ છે : સારા અને ખરાબ
- અર્થતંત્રમાં વપરાશને કારણે માંગનાં પરિવર્તનો ઉદભવે છે.
- વ્યાપારચક્રમાં થતી ઊથલ-પાથલ સમાન અંતરે થતી નથી.

## સંપત્તિનો અર્થ આપી, સંપત્તિનાં લક્ષણો વિગતે સમજાવો.

- આલ્ફ્રેડ માર્શલના મતે, "જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેવા પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે."

- લક્ષણો :

- 1 સંપત્તિ ઉપયોગિતાનો ગુણ ધરાવે છે : સંપત્તિનું પ્રથમ લક્ષણ ઉપયોગીતા છે. સંપત્તિ માનવજરૂરિયાતો સંતોષવાનો ગુણ ધરાવે છે. મકાન, વાહન, સોના-ચાંદી-હીરાંનાં ઘરેણાં વગેરે માનવીની ઉપયોગી વસ્તુઓ છે. તેથી તે સંપત્તિ છે.
- 2 સંપત્તિ અછતનો ગુણ ધરાવે છે : સર્વસુલભ વસ્તુઓ ઉપયોગી હોવા છતાં સંપત્તિ નથી, કારણ કે તે વિંનિમયપાત્ર નથી. અછત હોય તેવી વસ્તુઓ ઉપયોગી છે અને વિનિમય મૂલ્ય ધરાવે છે. આમ, અછતવાળી વસ્તુ સંપત્તિ ગણાય. ઘરેણાં ઉપયોગિતાનો ગુણ ધરાવે છે અને તે સર્વસુલભ નથી. તેથી તે સંપત્તિ છે.
- 3 સંપત્તિ ભૌતિક કે બાહ્ય રૂપ ધરાવે છે : વ્યક્તિની વિચારશક્તિ એ તેનો આંતરિક ગુણ છે, જેનો વિનિમય થઈ શકતો નથી. તેથી તે સંપત્તિ નથી. સંપત્તિ ભૌતિક બાહ્ય રૂપ ધરાવતી હોવી જોઇએ. વૈજ્ઞાનિક શોધ બાહ્ય રૂપ ધરાવે છે અને તે વૈજ્ઞાનિકની માલિકીની થઈ શકે. તેથી તે વૈજ્ઞાનિકની સંપત્તિ ગણાય છે.
- 4 સંપત્તિ વિનિમયનો ગુણ ધરાવે છે : જો વસ્તુ ઉપયોગી હોય, ભૌતિક સ્વરૂપ ધરાવતી હોય પરંતુ વિનિમયપાત્ર ન હોય, તો તે સંપત્તિ નથી. સંપત્તિનું અગત્યનું લક્ષણ વિનિમયક્ષમતા છે. સંપત્તિ વ્યક્તિની વર્તમાન જરૂરિયાતોની સામે ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતોને જરૂરિયાતો સંતોષે છે અને ભવિષ્યમાં આ વસ્તુઓ વેચીને તે અન્ય જરૂરિયાતો પણ સંતોષે છે.
- 5 સંપત્તિ ટકાઉપણાનો ગુણ ધરાવે છે : જે વસ્તુઓ ઉપયોગી હોય પણ જેના જથ્થાને લાંબા સમય સુધી રાખી શકાતો નથી, તે સંપત્તિ નથી. જેમ કે; ખેત-ઉત્પાદન, શ્રમિકનો શ્રમ વગેરે. આમ, સંપત્તિમાં ટકાઉપણાનો ગુણ હોવો જરૂરી છે. જોકે ટેકનોલૉજીના ઉપયોગી વસ્તુઓને લાંબા ગાળા સુધી જ ઉપયોગી રાખી શકાય, તો તે સંપત્તિ બને. જેમ કે; કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલી વસ્તુઓ લાંબો સમય ટકી શકે છે. જમીન, મકાન, ઝવેરાત વગેરે સંપત્તિ છે. તે વર્ષો સુધી ટકી રહે છે.

## અર્થતંત્રમાં આવતાં ચક્રાકાર આર્થિક પરિવર્તનોના પ્રકારની વિસ્તૃત માહિતી આપો.

- અર્થતંત્રમાં ઊથલ-પાથલ તથા અસમતુલાઓ વગેરે ચક્રાકાર પરિવર્તનો આવ્યાં કરતાં હોય છે. આવાં પરિવર્તનો આર્થિક પરિવર્તનો તરીકે ઓળખાય છે, જે ચાર પ્રકારનાં હોય છે : આકસ્મિક, મોસમી, દીર્ઘકાલીન અને ચક્રવાત.

- 1 આકસ્મિક આર્થિક પરિવર્તનો : અર્થતંત્રમાં આકસ્મિક કારણે આવતાં અણધાર્યાં પરિવર્તનો આકસ્મિક આર્થિક પરિવર્તનો છે. જેમ કે; અતિવૃષ્ટિ, વાવાઝોડું, દુષ્કાળ વગેરેને કારણે અર્થતંત્રમાં આવતાં પરિવર્તનો.

- આવાં આકસ્મિક પરિવર્તનો અર્થતંત્રમાં લાંબા ગાળાની અસરો સર્જે છે.

- આકસ્મિક પરિવર્તનો કેટલીક વાર અર્થતંત્રના કોઈ એક ભાગ કે પ્રદેશ પૂરતાં સીમિત હોય છે.

- 2 મોસમી આર્થિક પરિવર્તનો : અર્થતંત્રમાં ઋતુ આધારિત આવતાં પરિવર્તનો મોસની આર્થિક પરિવર્તનો છે.

- શિયાળો, ઉનાળો અને ચોમાસાની ઋતુ મુજબ બજારમાં વસ્તુઓની માંગ જુદી જુદી હોય છે અને તે મુજબ ઉત્પાદન-રોજગારીમાં પણ પરિવર્તનો આવે છે. આવાં પરિવર્તનોનું ચક્ર દર વર્ષે ચાલ્યા કરે છે અને તેમાં સમયાંતરે પરિવર્તન આવ્યા કરે છે.

- 3 દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો : કોઈ ચોક્કસ દિશામાં લાંબા સમય સુધી અર્થતંત્રમાં પરિવર્તન થતું રહે છે, જેને દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો કહેવાય છે. આવાં પરિવર્તનો અર્થતંત્રનું વલણ દર્શાવે છે. જેમ કે, લાંબા ગાળા સુધી દેશની વસ્તીનું વધવાનું વલણ છે.

- ગતિશીલ અર્થતંત્રમાં આવાં પરિવર્તનો એક જ દિશામાં હોય છે, ચક્રાકાર હોતાં નથી.

- 4 ચક્રવાત આર્થિક પરિવર્તનો : કોઈ સમયગાળા દરમિયાન સર્જાતાં ઊર્ધ્વગામી અને અધોગામી આર્થિક પરિવર્તનો ચક્રવાત આર્થિક પરિવર્તનો છે.

- આવાં પરિવર્તનો અનિશ્ચિત હોવા છતાં ઓળખી શકાય તેવાં હોય છે.

- તેજી, મંદી જેવાં વ્યાપારચક્રો ચક્રવાત આર્થિક પરિવર્તનો હોય છે.